| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫–૦૨–૨૦૨૧ |
| નોંધણી તારીખ | ૧૫–૦૨–૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૦૯–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |
| | ૦૫–૦૧–૨૪ |

**<u>મે.અમદાવાદના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.–૦૫, અમદાવાદ શહેર</u>**

**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૫૯૨–૨૦૨૧</u>**
**આંક : ૭૭**

| | | |
|---|---|---|
| **અરજદાર** | ભાવનાબેન તે ધર્મેશ રજકના પત્ની તથા રાજુભાઈ બંસીલાલ કનોજીયાના પુત્રી | |
| | **વિરૂધ્ધ** | **સંબંધ** |
| **સામાવાળા નં.૧** | ધર્મેશભાઈ રામપ્રતાપ રજક | પતિ |
| **સામાવાળા નં.૨** | ગીતાબેન રામપ્રતાપ રજક | સાસુ |

| |
|---|
| અરજદાર તર્ફે વિ.વ.શ્રી. આર. એમ. પરમાર |
| સામાવાળા તર્ફે વિ.વ.શ્રી. એસ. ડી. બિહોલા |

**બાબત :– ઘરેલુ હિંસાથી સ્ત્રીઓની સુરક્ષા અધિનિયમ–૨૦૦૫ ની કલમ –૧૨ મુજબ અરજ.**

-----------------------------------------------

***<u>–:: ઠરાવ ::–</u>***

આ કામે અરજી ઘરેલુ હિંસાથી સ્ત્રીઓની સુરક્ષા અધિનીયમ ૨૦૦૫ હેઠળ થયેલ હોઈ તે સબબ તે કાયદાને હવે પછી સરળતા ખાતર ''સદર કાયદા'' તરીકે સરળતા ખાતર ઉલ્લેખવામાં આવશે.

**<u>અરજીની ટુંકી હકીકતો :</u>**

(૧) અરજદારના લગ્ન સામાવાળા નં.૧ રઘમેંશભાઈ રામપ્રતાપ રજક સાથે તા.૧૩-૦૨-૨૦૨૫ના રોજ થયેલ. આથી સદર કાયદાની કલમો મુજબ મળી શકતી રાહત દાદ અપાવવા તથા ઘર ખર્ચ તથા સંતાન વિગેરેના ખર્ચ પેટે રૂા.૨૦,૦૦૦/- અપાવવા અરજ કરેલ છે. તેમજ તેમના કપડા, દાગીના, રાચરચીલુ, વાસણો વગેરે સામાવાળાના કબજામાં છે જેનું લીસ્ટ સામેલ રાખેલ છે તે સોંપી આપે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**પ્રોટેકશન રીપોર્ટ**

(૧.૧) વળી સામાવાળા સામે ઘરેલુ હિંસા અધિકારીનો રીપોર્ટ આ કામે રજુ છે. જેમાં તેઓનો રહેવા મકાન નથી તેમજ બેરોજગાર છે તેવું આ રીપોર્ટમાં દર્શાવેલ છે. તથા આ કામના સામાવાળાઓ સારી રીતે અરજદારને રાખતા ન હતા મેણા ટોણા મારી શારીરિક માનસિક ત્રાસ અંગેની બાબતો થતી હતી તથા ઘર ખર્ચ તથા અન્ય જીવન જરુરી ખર્ચ, દવા ખર્ચ વિગેરે અરજદારના પિતા તથા જાતે ઉપાડતા હોવાનું જણાવેલ છે. અરજદારે સામાવાળા વિરૂધ્ધ સદર કાયદાની જોગવાઈઓ અનુસાર નીચે મુજબની દાદ માંગેલ છે.

| કલમ | દાદ | વિશેષ |
|---|---|---|
| ૧૮ રક્ષણનો હુકમ | હા | સ્ત્રી ધન તથા અન્ય સામાન પરત સોંપવા |
| ૧૯ રહેઠાણનો હુકમ | હા | મકાન અથવા ઘરભાડુ |
| ૨૦ ભરણપોષણ હુકમ | હા | રૂપીયા પચીસ હજાર પુરા |

| | | |
|---|---|---|
| ૨૧ કસ્ટડી હુકમ | ના | – |
| ૨૨ વળતર નો હુકમ | હા | કોર્ટ ઠરાવે તે મુજબ |
| કોઈ બીજો હુકમ (જણાવવો) | હા | – – |

(૨) અરજદારની અરજી રજીસ્ટરે લઈ સામાવાળાને નોટીસની બજવણી પ્રોટેકશન ઓફીસર / યોગ્ય પ્રોસેસ સર્વિસ એજન્સી મારફતે કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**<u>સામાવાળાનો જવાબ :</u>**

(૩) આ કામે સામાવાળાને પ્રોટેકશન ઓફીસર મારફતે ધોરણસરની નોટીસની બજવણી કરતા સામાવાળાને નોટીસ બજાવેલ છે. અને તેઓ વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૦૩ થી જવાબ આપેલ છે. જેમાં મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં.૨ તેમના માતૃશ્રી થાય છે અને ૬૫ વર્ષના છે અને હાલ મુંબઈ ખાતે વસવાટ કરે છે તેમજ આ કામના સામાવાળા નં.૧ નાઓને અરજદાર સાથેના લગ્નજીવનથી થયેલ એક દીકરી નામે તાસી ઉ.વ.૧૪ અને દીકરો તક્ષ ઉ.વ.૧૨ની જવાબદારી તેમના શિરે છે અને તેઓ ભાડાના મકાનમાં રહે છે અને તા.૬–૩–૨૧થી તેઓને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. વધુમાં આ કામના અરજદાર ખુબ જ ભણેલા છે અને હાલ જીમ ટ્રેનર તરીકે નોકરી કરીને રૂા.૨૫,૦૦૦/–થી વધુ માસિક આવક ધરાવે છે અરજદાર સાથે ચાલવા તૈયાર નથી અને ખોટી અરજીઓ કરેલ છે. આમ ઉપરોકત

હકીકતોએ અરજદારની અરજી રદ ફરમાવી મળી શકતી રાહત દાદ અપાવવા અરજ કરેલ છે.

**<u>રેકોર્ડના પુરાવાની વિગત :</u>**

(૪) આ કામે અરજદાર ભાવનાબેન તે ધર્મેશ રજકના પત્નીની સોગંદ ઉપરની જુબાની આંક–૦૫ થી રજુ થયેલ છે. જેમાં અરજી મુજબની હકીકતો જણાવેલ છે.

(૪.૧) અરજદારની સામાવાળા તરફે ઉલટતપાસ થયેલ છે. જેમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમને ગુજરાતી વાંચતા લખતા અને બોલતા આવડે છે અને પ્રોટેકશન ઓફીસર રૂબરૂ જે અરજી કરેલી તેમાં વાંચી સમજી અને પછી સહી કરેલી છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમણે ઘણી જગ્યાંએ માંગા માટે છોકરાઓ જોયેલા. તે સમયે તેઓ ધોરણ ૧૨ માં ભણતી હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સામાવાળાની વાત આવતા તેઓની આર્થિક અને સામાજીક પરીસથિતીની તપાસ કરાવેલી અને સામાવાળા સાથે સગાઈ થઈ ત્યારે તેઓ અવાર નવાર મળતા હતા અને વાત ચીત કરતા હતા તેઓએ તેમની મરજીથી સામાવાળા સાથે સગાઈની હા પાડેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સગાઈના સમય દરમ્યાન અને ત્યાર પછી સામાવાળાના વ્યવહાર વર્તનથી તેમને એવુ લાગેલ નહી કે આ સગાઈ તોડી નાખવી જોઈએ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ હકીકત તેમણે તેમની અરજી કે સરતપાસમાં ઉલ્લેખ કરેલ નથી અને તેમને આ લગ્ન નથી કરવા તેવો વાંધો તેમણે લીધેલ ન હતો તેમજ સામાવાળા સાથે તેમના રીતી રિવાજ મુજબ સમૂહ લગ્નમાં મેરેજ થયેલા અને લગ્ન સમયે તેમના પરિવારના લોકો ત્યાં આવેલા અને યથા શકિત મુજબ ચીજ વસ્તુઓનો વ્યવહાર કરેલો તેમજ સમૂહ લગ્નમાં આ સંસ્થા ધ્વારા તમામ યુગલોને વસ્તુઓ આપવામાં આવતી હતી અને સંસ્થા ધ્વારા

જે વસ્તુઓ આપવામાં આવે તે સિવાય સગા સબંધીઓ ધ્વારા બીજી કોઈ ભેટ સોગાત આપવા દેવામાં આવે નહી તેમજ લગ્ન પછી સામાવાળા ધ્વારા મુંબઈ મુકામે રીસેપ્શન રાખવામાં આવેલું જેમાં તેમના પરિવારના કોઈ હાજર રહી શકેલ નહી. અને રીશેપ્સન સમયે તેમના તરફથી કોઈ ભેટ સૌગાત મળેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની સરતપાસની પેરા નંબર ૧ માં કઈ તારીખે બનેલી તે તારીખ દર્શાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કુટુંબજનોનો ખર્ચ સામાવાળાએ ઉપાડેલો નહી. તેમને માર્ક – ૬/૬ બતાવવામાં આવેછે તે જોઈને કહે છું કે, આ એકસ્પેન્સ તેમના સેકેન્ડ સંતાનનો ખર્ચ થયેલો તે છે અને આમા કુટુંબીજનાનો ખર્ચ પણ સામેલ છે. જે ઉલટ તપાસમાં રીફર કરેલ હોવાથી રજુ દાખલ આંક –૦૭. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના બાળકોનો તમામ જનમનો ખર્ચો તેમના પિતાજીએ ઉપાડેલો તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી અને તેમની સરતપાસની એફીડેવીના પેરા નં.૩, માં સામાવાળા તેમને કયારે કઈ જગ્યાએ ત્રાસ આપેલો તે તારીખ કે જગ્યાં દર્શાવેલ નથી તેમજ સામાવાળાના પિતા તેઓના સાવકા પિતા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સામાવાળાને તેમના પિતા સાથે બનતુ ન હોય તેઓના પિતા તેમને ખોટી ચઢામણી કરી બન્ને વચ્ચે ઝઘડા કરાવતા હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પિતાને હદ્યની તકલીફ થતા સામાવાળા તેમના ઘરે ખબર કાઢવા આવેલા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સામાવાળાએ તેમના ભાઈના લગ્ન હોય જેથી રૂપિયા બે લાખની મદદ કરેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની સરતપાસના પેરા નં.૫ માં જે દર દાગીનાની હકીકત જણાવેલ છે તે બાબતના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. તેમને માર્ક – ૬/૩ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમની બીકોમની

ડીગ્રી લગ્ન પછી મુંબઈ ખાતે મળેલી અને માર્ક – ૬/૪ સોફટવેર અંગેનું સર્ટીફીકેટ પણ મુબંઈ ખાતે મેળવેલું. એ જ રીતે ૬/૫ મુંબઈ ખાતે બ્યુટી પાર્લરમાં જે જોબ કરેલી તે બાબતનું અનુભવનું સર્ટીફીકેટ છે. જે રજુ દાખલ આંક ૮, ૯, ૧૦. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ તમામ અંગેનો ખર્ચ તેમા પતિએ ઉપાડેલો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સામાવાળાએ તેમને કુકીગ કલાર્સ કરાવવા મોકલેલા.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમણે તેમની સ.ત.ની એફીડેવીટમા પેરા નં.૩ માં કોઈપણ જગાએ તારીખ, વાર કે સમય દર્શાવેલો નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમના બન્ને બાળકોના જન્મનો મેડીકલ ખર્ચ તેમના પતિએ ઉપાડેલો છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આંક –૬ વાળા લીસ્ટ ઓફ ડોકયુમેનટ સાથે રજુ થયેલ ૬/૬ એ સામા. ધ્વારા ચુકવેલ મેડીકલ ઈન્સયુરન્સના પેપર છે જે આંક–૭ અપાયેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમના પતિ ના મેડીકલ ઈન્સયુરનસના ખર્ચામાંથી બન્ને બાળકોનો ચુકવવામા આવેલ છે અને કુટુંબ નિયોજનનો ખર્ચ પણ તેમના પતિના મેડીકલ ઈન્સયુરનસમાંથી ચુકવવામા આવેલ છે અને તેમના કુટુંબ નીયોજનનો ખર્ચ તેમના પીતા ઉપાડેલ હોય તે વાત ના.કોર્ટ રૂબરૂ સોગદ પર ખોટી જણાવે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ તેમના પિયરમા તેમના માતા પિતા સાથે રહે છે અને તેમના પીયરમા માતા પિતા અને ભાઈ અને ભાભી રહે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમના ભાભી નોકરી કરે છે અને તેઓ બેંકમા ખાતુ ધરાવે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, લગ્ન બાદ સામા.ને ત્યાં રહેવા ગયા બાદ તેમણે એકસીસ બેંક અને એસબીઆઈમાં ખાતુ ખોલાવેલ અને તેમણે એકસીસ બેંકમા ખાતુ ખોલાવ્યુ ત્યા બેંક લોકર પણ લીધેલું. તે લોકર પુછવાથી લખાવે છે કે તેઓ ઓપરેટ કરતા ન હતા પરંતુ

તેમના સાસુ ઓપરેટ કરતા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, એકસીસ બેંક વાળુ લોકર તેઓ જાતે ઓપરેટ કરતી હતી તે બાબત ના.કોર્ટમા ખોટી જણાવે છે અને તેઓ લગન પહેલા જોબ કરતી હતી. તેઓ લગ્ન વખતે એસ.વાય બી.કોમ.નો અભ્યાસ કરતા હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, લગન બાદ વસઈ આવયા પછી બી.કોમમાં ફાઈનાનસીયલ એકાઉન્ટના વિષયમા બી.કોમ.ની ડિગ્રી મેળવેલી અને વસઈ મુકામે બી.કોમ.નો અભયાસ ચાલુ હોય તે દરમયાન તેમણે કોમ્પ.સોફટવેર, બ્યુટીપાર્લર કોર્સ જેવા સર્ટીફીકેટ કોર્સ પણ કરેલા તેમજ વસઈમા સામા.ને ત્યા ગયા બાદ તેમણે બી.કોમના અભ્યાસ સાથે ટયુશન કલાસ કરેલ છે તેમજ સ્પોકન ઈગ્લીસ અને સ્વીમીંગના કલાસ પણ કરેલા છે. તેમણે લગ્નબાદ સૌપ્રથમ સી.એ.ના ત્યાં ઓફીસ જોઈન્ટ કરેલી. તેઓ સેલ્સટેક્ષ રીટર્ન ફાઈલ કરવાનુ કામ કરતા હતા અને તેમનો પગાર ૪૦૦૦/- હતો અને તેઓ લગ્ન બાદ જોયા બયુટી પાર્લરમા શીખવા ગયેલ તે જગ્યાએ જ તેમણે નોકરી કરેલી. ત્યા તેમનો પગાર ન હતો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમને જોયાબયુટી પાર્લરમાં નોકરી કરતી હતી ત્યારે તેમનો પગાર ૫૦૦૦/- હતો. ત્યાર બાદ તેઓ સિધી વિનાયક કન્સ. ફર્મમા તેઓ નોકરી લાગેલ ત્યાં તેમનું કામ ડેટા એન્ટી કરવાનુ હતુ ત્યા તેમને માસીક રૂપીયા ૮૦૦૦/- પગાર મેળવતી હતી. ત્યા તેમણે આશરે ર વરસ જોબ કરેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે વાઉ કોશમેટીક કંપનીમા નોકરી કરેલી છે તયા તેઓ  ડેટા એન્ટી કરવાનું કામ કરતી હતી તયા તેમનો પગાર માસીક ૧૦૦૦૦/- હતો. ત્યા તેમણે છ મહીના નોકરી કરેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે લગન બાદ આશરે ૬ મહીના બાદ તેઓ અલગ રહેવા નીકળેલા અને તેઓ સ્વેચ્છા એ તેમના સાસુ સસરાથી અલગ રહેવા ગયેલી.

સાહેદ સ્વેચછા એ જણાવે છે કે તેમના સાસુ સસરાના કહેવાથી અમેઅલગ રહેવા ગયેલાં. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમણે તેમની સ.ત.માં એવુ જણાવેલ નથી કે તેમના સાસુ– સસરાએ તેઓને અલગ કાઢેલાં. સાહેદ સ્વેચ્છા એ જણાવે છેકે તેમનાથી રહી ગયું હશે. તેઓ અગાઉ જે તે જગાએ તેમના પગાર અંગે તેમણે આઈ ટી રીર્ટન ભરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ તેમની સ.ત.મા જણાવેલ છે કે તેઓ તેમના દિયર સાથે વાતચીત કરતી હતી તે બાબત તેઓ ખોટી જણાવે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, અમદાવાદ ખાતે તેઓ જીમ લોન્ચમાં નોકરી કરતી હતી ત્યાં રઘુ નામની વ્યકિત કસરત કરવા આવતી હતી અને તેઓને રધુ જોડે વોટસઅપ અને કોલ પર વાતચીત થતી હતી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ રઘુ છે તેમના હસબન્ડના નણંદોઈએ તેમની જોડેથી પૈસા લીધા હતા અને પૈસા લેવા બાબતે તેમની સાથે વાતચીત થતી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમને રઘુ સાથે વાતચીત થયા બાદ તેમની તેની સાથે મિત્રતા થયેલી હતી અને રઘુ તેમને હેરાન પરેશાન કરે છે તે વાત તેમણે તેમના પતીને ખોટી જણાવેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ તેમના દિયર સાથે ટેલીફોનીક વાતચીત કરતી હોઈ તે વાતની જાણ તેમની દેરાણીને થઈ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમના દિયર સાથે તેમની અવાર નવાર મોડી રાત સુધી વાતચીત થતી હોઈ તેમની દેરાણીએ તેમને થપકો આપેલો.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે  સામા.નં.ર ખુબજ ઉમરલાયક છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામાવાળા નં.ર ર ને થાઈરોડ, અને સુગરની બીમારી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમને બ્લડ પ્રેશરની બીમારી છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમના પતીએ પિયર ગયા બાદ પરત બોલાવવા બાબતે

ધણા પ્રયત્ન કરેલા. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે ચાર વખત મને સમાધાન કરી ને લઈ ગયેલા અને મને મારઝુડ કરીને કાઢી મુકેલ અને પાછી જાવ તો પણ તેનુ તે જ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે અગાઉ સામા. સમાધાન કરીને પરત લઈ ગયા બાદ તેમની સાથે મારઝુડ કરેલ હોય તે બાબતની દાર્શનીક પુરાવા તેમણે કોર્ટમા રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે તેમને ૫૦ વખત મારી હોય તો તેટલા પુરાવા કયાથી રજુ કરુ ત્યારે તેમને ખબર ન હતી કે તેમણે આ જગ્યાએ ઉભા રહેવુ પડશે તો તેઓ પુરાવા ભેગા કરત. સામા.એ મોકલેલ નોટીસના જવાબમાં `તેમણે જવાબ રજુ કરેલ તે વાંચી સમજીને રજુ કરેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમણે તેમની નોટીસના જવાબમાં તેઓ મીનાબેનના ધરે ગયેલ હોઈ તે વાત તેઓ ખોટી જણાવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રાતના ૧૦ વાગે તેમને માર મારીને કાઢી મુકેલ , અને પહેરેલ કપડે તેમને કાઢી મુકેલ રાતના ૧૦ વાગે લોકડાઉનના લીધે કરફ્યુ હતુ તે તેમને રાખવા તૈયાર ન હતાં. એટલે તેમને મીનાબેન આવીને લઈ ગયેલાં. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જો તેમની નોટીસમા એ બાબતમાલખેલ ન હોઈ તો તેમણે લખાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામા.નં.૧ એ તેમને ધરમાથી કાઢી મુકેલ તે હકીકત મારી સ.ત.ની એફીડેવીટમાં ખોટી જણાવુ છું.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે ૧૦૦ નંબર ડાયલ કરવાથી પોલીસ ધરે આવે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ આ બધુ એટલે કે પોલીસ કેસ કરવા માગતા ન હતા એટલે તેઓ ન ગયા અને તેમની સ.ત. પેરા નં.૧૦ના બનાવ બાદ તેમણે મહીલા હેલ્પલાઈન નં ૧૮૧ ડાયલ કરેલ નહીં તેમજ તેમણે ૧૦૮ ને પણ ફોન કરીને બોલાવેલ નહી. તેઓ સામા.ના ત્યાં રહેતા હતા તે ધરથી દવાખાનાનું અંતર ૧૫ મીનીટનો સમય

લાગે. તેમના ધરેથી ખોખરા પો.સ્ટે.નું અંતર અડધો કલાકનુ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમને સામા. ધ્વારા કોઈ માર મારવામા આવોલ ન હોઈ કે કોઈ ઈજા થયેલ ન હોઈ જેથી તેમણે પોલીીસનો સંપર્ક કરેલ નહી કે તાત્કાલીક કોઈ સારવાર લીધેલ નહીં. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે તેમણે બીજા દિવસે લોકલ દવાખાનામાં સારવાર લીધેલ તેનું મેડી.સર્ટી. પણ રજુ કરેલ છે અને તેના ફોટા પણ રજુ કરેલ છે અને તેમણે તેમની ફરીયાદમા સામા.ની આવક ખોટી જણાવેલ છે તેમજ સામા. મને મારઝુડ કરતા હતા તે વાત ખોટી જણાવેલ છે.

એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામા.એ દહેજની માંગણી કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમની સ.ત.માં દહેજની માંગણીનો વાર, સમય દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વારંવાર માંગણી કરતા હોય તો કેવી રીતે જણાવુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સામા. દહેજની માંગણી કરતા હોઈ તેના કોઈ દાર્શનીક પુરાવા રજુ કરેલ નથી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે ભરણપોષણ મેળવવા માટે ખોટી જુબાની આપું છુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે જો સામા. લઈ જવા તૈયાર હોય તો તેઓ લગ્ન જીવન માણવા તૈયાર છે પરંતુ તેમના જીવને જોખમ છે અને તેમના બન્ને બાળકો જન્મથી જ સામા. પાસે રહે છે તેમજ તેમણે પ્રોટકશન ઓફીસરની સામે કોલમમાં તેમણે બાળકોને મેળવવાની ના પાડેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમની અરજીમાં, સ.ત.માં જણાવેલ 'સ્ત્રીધન, રોકડ રકમ, સાસરી અને પિયરપક્ષ તરફથી મળેલ તમામ ચીજ વસ્તુઓ પીયરમાં સાથે લઈ ગયેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમણે તેમની અરજીમાં અને સ.ત.મા જણાવેલ સ્વીધન, દાગીના સામ. પાસે છે તે દર્શાવતો કોઈપણ દાર્શનીક પુરાવો ના.કોર્ટમા રજું કરેલ નથી અને તેઓ પિયરમાં હાલ રહે છે તે મકાન તેમના પિતાની માલીકીનું છે

તેમજ તેમના પીતાજી વરસોથી લોન્ડ્રીનું કામ કરે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમના પીતાજી લોન્ડ્રીનું કામ સંભાળવા માટે ૪ થી ૫ માણસોનો સ્ટાફ રાખેલ છે તેમજ તેમના પીતાજી આ લોન્ડ્રીના કામમાંથી માસીક રૂપીયા લાખથી દોઢ લાખની આવક ધરાવે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ સામા. સાથે મુંબઈ થી અ.વાદ ખાતે આવ્યાં ત્યારબાદ ભાડાના મકાનમાં રહેતા હતાં. અમદાવાદ આવ્યાં બાદ તેમણે શીક્ષક તરીકે રાજાપતી સ્કુલમા નોકરી કરતા હતા તયા તેમનો પગાર માસીક આશરે ૪૦૦૦/ હતો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે અ.વાદ ખાતે મણી.આવેલ મ્યુ.સ્કુલમાં શીક્ષક તરીકે નોકરી કરતા હતા અને તેઓ જીની.એકેડમીમાં ટયુશન કલાસ ચલાવવા જતા હતા. સાહેર્દ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ રીસેપશનીટ હતા તેમજ તેઓ ત્યાં નોકરી કરીને ૩૦ થી ૩૫ હજાર કમાતા હતા. સાહેદસ્વેચ્છા એ જણાવે છે કે તેમનો ત્યાં દશ હજાર જ પગાર હતો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ અ.વાદ ખાતે જીમ લોન્ચમા એઝ એ જીમ ટ્રેનર તરીકે નોકરી કરતા હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ જીમ લોન્ચમાં તેઓ રીસેપનશીટ અને જીમપ્રોડકટ સેલ કરવાનુ કામ કરતા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે જીમ લોન્ચમાં નોકરી કરીને માસીક રૂપીયા ૩૫૦૦૦/ કમાતી હતી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે તેમના પતિની મરજીથીકરતી હતી અને તેમનો બધો પગાર તેમના પતિને આપતા હતા અને ધરે આવીનેટયુશન પણ કરતા હતા. ટયુશન કલાસમાંથી તેમની આવક હજાર-બે હજાર થતી હતી. ટયુશનમાં બે બાળકો ભણવા આવતા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે જીમ લોન્ચમાંથી તેમને ટર્મીનેટ કરવામાં આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમણે જાતે જોબ છોડી દીધેલ અને જીમ લોન્ચમાં આવતા રઘુ જોડે તેમના આડા સંબંધ હોઇ

જીમના માલીકે તેમને ટર્મીનેટ કરેલ હોય તે બાબત તેઓ ખોટી જણાવે છે અને તેઓ તેમના પિયર ગયા ત્યારે સામાવાળા તેમને પરત લેવા આવેલ તે વખતે તેમણે સામાવાળાને છુટાછેડા આપી દેવા જણાવેલ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સામા. તેમને કોઇ ખર્ચ ચુકવતા નથી અને સામા. મારો પગાર લઇ લેતા હોઇ એનો કોઇ દાર્શનિક પુરાવો તેમણે રજુ કરેલ નથી અને હાલ તેઓ કોઇ જોબ કરતા નથી. એ વાતનો ઇન્કાર કરેલ છે કે માસીક રૂપિયા પાંત્રીસ હજાર કમાઉં છું.

તેમને તેમની સ.ત. એફી.ના પેરા નં.૯ માં તેમના પતિના રાજેશ્રવરીબેન સાથે આડા સંબંધ હોઇ તે બાબતનો દાર્શનિક પુરાવો રજુ કરેલ નથી એ બાબતનો પ્રશ્ન પુછતાં તેમણે જવાબમાં જણાવેલ છે કે તેમણે પુરાવા રજુ કરેલ છે ફોટા મુકયા છે.

એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેમણે ખોટી ફરીયાદ કરેલ છે.

હાલ તેઓ ઘર નં.૬૧૨, નાની હમામની પોળ, ધી–કાંટા રોડ, અમદાવાદ ખાતે રહે છે. હાલ તેઓ રહે તે ઘર તેમના પિતાની માલ્કિીનું છે. તેઓએ બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે સામાવાળા સામે ફેમીલી કોર્ટમાં ક.૧૨૫ મુજબની ભ.પો. માટેની અરજી કરેલ છે. તેમણે સામાવાળા ધ્વારા કરેલ કલમ–૯ મુજબની અરજીમાં તેમનો જવાબ રજુ કરેલ. એમાં તેમણે સામાવાળા સામે સ્પષ્ટ જવાની ના પાડેલ કારણ કે સામાવાળાને જે સ્ત્રી સાથે સંબંધ હતા તેને ઘરમાં લાવીને બીજા લગ્ન કરી લીધેલ છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે લગ્નનો કોઇ દસ્તાવેજી આધાર તેમણે આ કામે રજુ કરેલ નથી. તેમની પુત્રી ધો.૧૧માં અભ્યાસ કરે છે અને પુત્ર ધો.૯માં અભ્યાસ કરે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમના બન્ને બાળકો સેવન્ટ ડે હાઇસ્કુલમાં અભ્યાસ કરવા જાય છે તેમજ બન્ને બાળકોનું ટયુશન કલાસ પણ ચાલે છે.

પ્રશ્ન: વિ.વ.શ્રી રેકર્ડમાં ન હોવા છતાં ફોટો બતાવતા હોઇ તેમનો પ્રશ્ન ના મંજુર કર્યો.

તેઓ તેમના બેન્ક ખાતાના ઉતાચા રજુ આવતી મુદતે કરી શકે. તેઓ ઇન્કમટેક્ષ રીટર્ન ફાઇલ કરતા નથી એ બાબતનું ફોર્મ ૧૬ પણ તેઓ રજુ કરી ન શકે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમની એફીડેવીટની કોલમ ૪ ની વિગતો જણાવેલ નથી. કોલમ નં. એફ માં પેરા નં.૧ થી ૩, ૫, ૭, ૮ વાળી વિગતો જણાવેલ નથી.

આ તબકકે સામાવાળાના વિ.વ.શ્રી આંક–૧૭ વાળુ ફોટાનું લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ રજુ કરેલ છે. તેમાં માર્ક ૧૭–૧ થી ૧૭–૧૧ આપવામાં આવે છે. તેમને માર્ક ૧૭–૧ થી ૧૭–૧૧ ના ફોટા બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તેમાં તેઓ હાજર છે. વિ.વ.શ્રીએ તેમને પુછતાં કે આ જગ્યા કઇ છે તે તેઓ લખાવે છે કે આ જીમના ફોટા છે ત્યાં તેઓ કસરત કરવા જવું છું. જે પાલડી ખાતે આવેલ છે. તેમણે ત્યાં મેમ્બરશીપ લીધી હોય તે દસ્તાવેજ તેઓ રજુ કરી ન શકે તેઓ ડાયરેકટ ત્યાં ભરાવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ બનાવના લીધે મેન્ટલી ડિપ્રેશ થઇ ગઇ હતી તેથી તેમને એકસેસાઇઝ કરવી પડે છે.

સાગા ફીટનેશમાં કસરતનો ચાર્જ રૂા.૧૦,૦૦૦/– છે. તેઓ મેમ્બરશીપની ફી ભરે છે તે ના.કોર્ટમાં જમા કરાવી શકે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેમણે તેમના સોગંદનામાંની કોલમ એ માં નં.૬–૭ વાળી હકીકત ખોટી જણાવેલ છે અને સાગા ફીટનેશમાં તેઓ નોકરી કરતા હોઇ તેમ છતાં આજરોજ ના.કોર્ટમાં ખોટી જુબાની આપે છે.

(૪.૨) અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે જે નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની બાળકોની હંગામી કસ્ટડી મેળવવાની અરજી | ૧૧ |

આમ, અરજદાર તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક /દસ્તાવેજી પુરાવા રજુ થયેલા નથી. તેમજ આંક–૧૮ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

**<u>સામાવાળા તરફેનો પુરાવો :–</u>**

(૫) સામાવાળા નં.૧ ધર્મેશ રામપ્રતાપ રજકનું પુરાવાનું સોગંદનામું આંક–૨૧ થી રજુ થયેલ છે.

સામાવાળા નં.૨ ગીતાબેન રામપ્રતાપ રજકની સોગંદ ઉપરની જુબાની આંક–૧૧ થી રજુ થયેલ છે. જેમાં પોતાના જવાબ મુજબની હકીકતો જણાવેલ છે.

(૫.૧) અરજદાર તરફે તેઓની ઉલટતપાસ થયેલ નથી.

(૬) આ કામના સામાવાળા તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પેરામાઉન્ટ હેલ્થ સર્વિસીસ પ્રા.લી.નું કલેઈમ પેમેન્ટ કમ ડિસચાર્જ વાઉચર | ૦૭ |
| ૨ | યુનિવર્સિટી ઓફ મુંબઈનું કોમર્સ ગ્રેજયુએટનું અરજદારના સર્ટી.ની નકલ | ૦૮ |
| ૩ | રાજ સોફટવેર ટેકનોલોજી(ઈન્ડીયા) લી. અરજદારના સર્ટી.ની નકલ | ૦૯ |
| ૪ | જયા બ્યુટી પાર્લર દ્વારા અરજદારને આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ | ૧૦ |

| | | |
|---|---|---|
| ૫ | અરજદારની બાળકોની હંગામી કસ્ટડી મેળવવાની અરજીનો જવાબ | ૧૨ |
| ૬ | સામાવાળા તરફે પુરાવા લીસ્ટ | ૧૩ |
| ૭ | સામાવાળા તરફે પુરાવા લીસ્ટ | ૨૦ |
| ૮ | સામાવાળા તરફે પુરાવા લીસ્ટ | ૨૯ |
| ૯ | સામાવાળા તરફે પુરાવા લીસ્ટ | ૩૫ |
| ૧૦ | સામાવાળા તરફે પુરાવા લીસ્ટ | ૩૪ |
| ૧૧ | અરજદારનો જીમ સર્વિસનો એપોઈન્ટમેન્ટ લેટર | ૩૮ |
| ૧૨ | અરજદારનો લેટર ઓફ ટર્મીનેશન | ૩૯ |
| ૧૩ | સામાવાળાએ હોસ્પિટલમાં ચુકવેલ રકમનું સર્ટી. | ૪૦ |
| ૧૪ | સામાવાળાએ ધ પેરામાઉન્ટ હેલ્થ માં લખેલ પત્રની નકલ | ૪૧ |
| ૧૫ | પેરામાઉન્ટ હેલ્થ સર્વિસીસ પ્રા.લી.નું કલ ેઈમ પેમેન્ટ કમ ડિસચાર્જ વાઉચર | ૪૨ |
| ૧૬ | સી–વેમ એઝ્યુકેશનના એડમીશન ફોર્મની નકલ | ૪૩ |
| ૧૭ | પૃથુ કલીનીક એન્ડ ડેન્ટલ કલીનીકનું પ્રિસ્ક્રીપ્શન | ૪૪ |
| ૧૮ | પૃથુ કલીનીક એન્ડ નર્સીંગ હોમનું પ્રિસ્ક્રી પ્શન | ૪૫ |
| ૧૯ | યશ પેથોલોજી લેબો.નું બીલ | ૪૬ |
| ૨૦ | ચોટ્રજી એજન્સીનું કાર્ડ | ૪૭ |
| ૨૧ | સરદાર ઓટોમોબાઈલ્સનું બીલ | ૪૮ |
| ૨૨ | ડો. ધીરેન દેસાઈનું મેડીકલ બીલ | ૪૯ |
| ૨૩ | એશીયા હાઈપર માર્ટ | ૫૦ |
| ૨૪ | એશીયા હાઈપર માર્ટ | ૫૧ |
| ૨૫ | એશીયા હાઈપર માર્ટ | ૫૨ |
| ૨૬ | એશીયા હાઈપર માર્ટ | ૫૪ |
| ૨૭ | હરીઓમ ટ્રેડીંગ કંપની બીલ | ૫૫ |
| ૨૮ | કમલ સીલેકશન બીલ | ૫૬ |

| | | |
|---|---|---|
| ૨૯ | અમૃત મેડીકલ સ્ટોર્સ બીલ | ૫૭ |
| ૩૦ | અમૃત મેડીકલ સ્ટોર્સ બીલ | ૫૯ |
| ૩૧ | અમૃત મેડીકલ સ્ટોર્સ બીલ | ૬૦ |
| ૩૨ | દર્શન મેડીકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર | ૬૧ |
| ૩૩ | સિધ્ધી ડાયગ્નોસ્ટીક એન્ડ રીસર્ચ સેન્ટર | ૬૨ |
| ૩૪ | દક્ષિણી ઓર્થોપેડીક હોસ્પિટલ રીસીપ્ટ | ૬૩ |
| ૩૫ | દક્ષિણી ઓર્થોપેડીક હોસ્પિટલ રીસીપ્ટ | ૬૪ |
| ૩૬ | પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી બીલ | ૬૫ |
| ૩૭ | પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી બીલ | ૬૬ |
| ૩૮ | પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી બીલ | ૬૭ |
| ૩૯ | પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી બીલ | ૬૮ |
| ૪૦ | હાથથી લખેલ ચિઠ્ઠી ખર્ચ અંગેની | ૬૯ |
| ૪૧ | હાથથી લખેલ ચિઠ્ઠી ખર્ચ અંગેની | ૭૦ |
| ૪૨ | ફેમીલી સ્યુટ નં.૨૯૩૩–૨૦૨૨ ઓર્ડર આંક–૧૩ હેઠળ | ૭૧ |
| ૪૩ | પહોંચ | ૭૨ |
| ૪૪ | ફોટોસ | ૭૩ |
| ૪૫ | ફોટોસ | ૭૪ |

આ સિવાય સામાવાળાઓ તરફે અન્ય કોઈ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. તેમજ આંક–૭૫ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

(૭.૧) ત્યારબાદ આંક–૩૧ અને આંક–૩૭ થી અરજદારની લેખિત દલીલો અને સામાવાળાની આંક–પર થી લેખિત દલીલો રજુ થયેલ છે જે વંચાણે લીધી અને કામ દલીલો બાદ જજમેન્ટ પર મુલત્વી રાખેલ છે.

<u>**વિધ્વાન વકીલશ્રીઓની દલીલ :**</u>

(૫) આ કામે અરજદાર તથા સામાવાળાના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાભળી.

(૫.૧) અરજદારના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારને સામાવાળાઓએ શારીરિક તથા માનસિક દુ:ખ ત્રાસ આપી મેણાટોણા મારી ઘરમાંથી મારકુટ કરી કાઢી નાખેલાની હકીકતો અરજદારે પુરવાર કરેલ છે અને અરજદારને સામાવાળા શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હતા તથા સામાવાળાના સગા પણ અરજદારને શારીરિક ત્રાસ આપતા હતા જેથી અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલાનું સાબિત થાય છે જેથી અરજદાર અરજીમાં દર્શાવ્યા મુજબની દાદ અપાવવા અરજ કરેલ છે. વળી કોઈ કારણ વગર કાઢી મુકેલ છે.

(૫.૨) સામાવાળાના વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર જાતે તેમનો ત્યાગ કરી માવતરે જતા રહેલ છે તેઓએ કોઈ દુ:ખ ત્રાસ આપેલ નથી. તેમજ તેઓએ તેઓની દરકાર કરેલ છે અને પુચ્છા કરેલ છે તેમજ તેઓ તેમના સાથે આવવા તૈયાર નથી. તેમજ દાગીના, કપડા વિગેરે વસ્તુઓ તેઓ પાસે નથી માત્ર વાસણ જ છે તેમજ તેઓ જણાવે છે તેવી આવક તેઓ મેળવતા નથી કે તેવા દુકાન કે મકાન પણ નથી. તેમજ ફેમીલી કોર્ટમાં ભરણપોષણનો હુકમ થયેલ છે જે તેઓ નિયમીત આપે છે. આમ અરજદારની હાલની અરજી રદ ફરમાવવા અરજ કરેલ છે.

(૬) આ કામે મારા નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિ થયેલ છે.

**-: મુદાઓ :-**

૧. શું અરજદાર સાબિત કરે છેકે, સામાવાળાએ અરજદારને મારઝુડ કરી, શારીરીક તથા માનસીક દુ:ખ ત્રાસ આપી સદર કાયદાની કલમ-૩ મુજબની હિંસા આચરીને ઘરની બહાર કાઢી મુકી ઘરેલુ હિંસા આપે છે ?

૨. શું અરજદાર સામાવાળા વિરુધ્ધ અરજીમાં જણાવ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે ?

૩. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. અંશત: હકારમાં

૩. આખરી હુકમ મુજબ

**<u>-: નિર્ણય માટેના કારણો :-</u>**

**<u>મુદા નંબર-૧ :</u>**

(૮) આ કામે પુરાવાનું વિશ્લેષણ કરીએ તો સામાવાળાને નોટીસ બજેલ છે અને તેઓ હાજર થઈ જવાબ આપેલ છે તેમજ પુરાવો પણ આપેલ છે તેમજ દલીલના સ્ટેજે દલીલ પણ કરેલ છે.

અરજીના ન્યાય નિર્ણય પહેલા પક્ષકારોનો પુરાવો ટુંકાણમાં નજરે લેવો જરૂરી જણાય છે. અરજદાર તથા સામાવાળા તથા સામાવાળાના સાહેદે તેમની તરફે સરતપાસમાં જુબાની આપેલ છે. જેમાં સરતપાસમાં પોતાના પક્ષ નિવદનમાં દર્શાવેલ હકીકતનું પુનરાવર્તન કરેલ છે. તેમજ તેઓની ઉલટતપાસ પણ થયેલ છે જે ઉપર નોંધેલ છે.

(૮.૧) **પુરાવાની ચર્ચા :**

આ કામે પુરાવાની ચર્ચા કરીએ તો અરજદાર અને સામાવાળા નં.૧ ના લગ્ન થયેલ છે તે સ્વીકૃત બાબત છે. આ કામે અરજદારને આપવામાં આવેલ કથીત ત્રાસની બાબતે ઉભયપક્ષે ઉલટતપાસ થયેલ છે અને એકબીજાની હકીકતોનું ખંડન કરવામાં આવેલ છે. વધુમાં આ કામે પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ જોતાં તેમાં હકારાત્મક વિગતો દર્શાવેલ છે જે ઉપર નોંધેલ છે. આમ, આ કામે અરજદારને ત્રાસ આપીને મારી કુટીને ઘરમાંથી કાઢી મુકી જુદી રાખીને તે મુજબ ત્રાસ આપેલ છે.

અહી, લગ્નજીવનએ સ્વીકૃત બાબત છે. ભારતએ સંસ્કૃતિનો દેશ છે જયાં મોટા ભાગે સ્ત્રીએ ઘરનું અંગ હોય છે. જેના છુટકે તથા અત્યંત વધારે સહન ન થઈ શકે તેવો ત્રાસ હોય તો જ પોલીસ, સ્વૈચ્છિક સંગઠનો કે કોર્ટનો દરવાજો ખખડાવે. વળી, આ કામે સામાવાળાએ ઉલટતપાસ કરીને કે કોઈ વિરુધ્ધનો પુરાવો રજુ કરીને કોઈ વિરુધ્ધની હકીકત બહાર લાવેલ નથી.

વળી, હાલના કેસમાં સંજોગો જોતા અરજદાર સામાવાળાનાં લગ્ન થયેલ તે તુટતા તે બાદ ત્રાસની હકીકત જણાઈ આવે છે. અરજદારની સામાવાળાએ ઉપેક્ષા કરેલ છે અને ભરણ પોષણની સ્વેચ્છાએ કોઈ વ્યવસ્થા કરેલ નથી.

વધુમાં આ કામે અરજદારની ઉલટ તપાસ દલીલો ધ્યાને લીધી. જેમા કોઈ વજુદ નથી કારણકે માતા-પિતા અને ભાઈ-ભાભીની જવાબદારી અરજદારનું ભરણપોષણ કરવાની નથી પણ સામાવાળાની છે. તેની વિશેષ કેર માટે થતા ખર્ચા તથા તેને પિયરપક્ષ તરફથી મળતી હુંફ માટે પણ સામાવાળાની હાજરી જરુરી હોય છે. પણ સામાવળા નં ૧ તેમા પણ નીષ્ફળ ગયેલ છે. અરજદાર પોતે ભણેલ હોઈ તથા કોઈ કામ

ધંધો પણ કરતા હતા પરંતુ હાલમાં કરતા નથી તેવું જણાવેલ છે. આથી તેનું ભરણપોષણ સામાવાળાએ કરવાનુ રહે છે. સામાવાળા નં.૧ પતિની જ ભરણપોષણ અને રહેઠાણ વિગેરે ની જવાબદારી રહે છે. આથી ફાઈનલ ઓર્ડર તેમાના પુરતો જ થવો જરુરી છે.

આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા અરજદારને સામાવાળાએ લગ્ન જીવન દરમ્યાન દુ:ખ ત્રાસ આપેલાનું જણાઈ આવે છે અને અરજદાર તથા સામાવાળાઓ એક છત નીચે રહેતા હોવાનું ફલીત થાય છે અને તેમના લગ્નજીવનથી તેમને દીકરી નામે તાસી ઉ.વ.૧૪ અને દીકરો નામે તક્ષ ઉ.વ.૧૨ની જવાબદારી આ કામના સામાવાળા નં.૧ સાથે રહે છે. અરજદારના લગ્ન જીવન બાબતે કોઈ તકરાર નથી. અરજદારને દહેજ બાબતે મારઝુડ કરી માનસિક શારીરિક ત્રાસ આપતા હોવાનું જણાઈ આવે છે તથા સામાવાળા તરફે કોઈ વિરૂધ્ધની હકીકત બહાર આવેલ નથી. વળી, અરજદારના ભરણપોષણની કોઈ વિશેષ વ્યવસ્થા પણ આ સમય દરમ્યાન સામાવાળાએ કરેલ હોવાનું જણાતું નથી. ભારતીય સમાજ પ્રણાલીમાં કોઈ પણ સ્ત્રી વગર કારણે તેના પતિ કે સાસરીયા વિરૂધ્ધ ત્રાસ સબબનુ પગલુ સામાન્ય સંજોગોમાં ભરતી નથી. જે સંજોગોમાં પણ સામાવાળાનો કેસ માનવાલાયક જણાતો નથી. આ કામે સદર કાયદાની કલમ–૩ મુજબનો ત્રાસ સામાવાળા વારંવાર આચરતા આવેલ હોવાનુ જણાઈ આવે છે. આમ, કોઈપણ કારણે પોતાના પતિના ઘરનો ત્યાગ કરી માવતરે ઓશીયાળુ જીવન વિતાવવુ પસંદ કરે નહીં. આમ, અરજદારને શારીરિક માનસિક ત્રાસ ન હોય તેવુ માની શકાય નહીં. તેમજ અરજદારે ૪૯૮(ક) ની ફરીયાદ પણ કરેલ છે જે રેકર્ડ પર છે. સામાન્ય સંજોગોમાં મહીલા કોઈ દીવસ ખોટા

ત્રાસનુ બહાનુ કાઢીને પોલીસ મથકે ન જાય અને તેથી એ હકીકત માનવા પુરતા અને વ્યાજબી કારણ જણાય છે કે, સામાવાળાઓએ અરજદારને મારઝુડ કરી મ્હેણાં ટોણાં મારી શારીરિક માનસિક ત્રાસ આપી કાઢી મુકેલ છે. આમ, અરજદાર સામાવાળા ધ્વારા થયેલ ઘરેલુ હિંસાનો ભોગ બનેલાનું સાબીત થયેલ છે તેથી મુદા નં.૧ પરત્વેનો નિર્ણય હકારમાં આપુ છું.

**<u>મુદા નંબર–૨ :</u>**

(૯.૧) આ કામે સદર કાયદાની <u>કલમ–૧૮ રક્ષણના હુકમ</u> માટે ચર્ચા કરીએ તો તે મુજબ અરજદારની ઉકત અરજીની હકીકતો તથા પડેલ પુરાવો વંચાણે લેતાં આ કામે હકીકતો પુરાવો જોતાં અરજદારને સામાવાળા તરફે ત્રાસ એવો નથી કે જેથી સાામાવાળા વિરૂધ્ધ અરજદારને શારીરિક માનસિક ત્રાસ સંબંધે પ્રોટેકશનનો હુકમ કરવો જરૂરી જણાય. વળી, સામાવાળા તેમના પતિથી અલગ રહેતા હોવાની હકીકત જોતાં રક્ષણના હુકમની કોઈ જરૂર જણાતી નથી. અરજદારની અરજી સંબંધેની હકીકતો જોતાં અરજી મુખ્યત્વે ઘર ખર્ચ, વળતર, હુકમ તથા ભરણપોષણના હુકમ સંબંધેની જ જણાઈ આવે છે. જે સંબંધે અરજીની હકીકતો તથા પુરાવો લક્ષમાં લેતાં કલમ–૧૮ મુજબ રક્ષણની દાદની જરૂર જણાતી ન હોવાથી તે સંબંધે અરજીની દાદ નામંજુર કરવામાં આવે છે.

વધુમાં આ કલમ–૧૮ તળે તેઓએ પોતાનું સ્ત્રી ધન પરત અપાવવા અરજ કરેલ છે.

પરંતુ સ્ત્રી ધનમાં શું હતું અને સામાવાળાઓએ તેઓની કઈ કઈ વસ્તુઓ રાખી દીધેલ છે તે સંબંધે કોઈ પણ જાતનો પુરાવો અરજદાર તરફે રજુ થયેલ નથી. પ્રોટેકશન ઓફીસરના રીપોર્ટમાં અરજદારનું

સ્ત્રીધન તથા અન્ય વસ્તુ સામાવાળાઓએ રાખી દીધેલ હોવાનું જણાવેલ છે અને વસ્તુઓની હકીકત પણ જણાવેલ છે. પરંતુ તેમાં પણ તે સંબંધે સ્પષ્ટ ચોકકસ હકીકત રજુ થતી નથી. આથી આ અંગે કોઈ હુકમ થઈ શકે નહીં. વળી આ બાબતે ઉલટ તપાસ ધ્યાને લેતાં પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, જોતાં સામાવળા નં ૧ એ અરજદારની વસ્તુઓ લઈ જવા તેમણે ઈન્કાર કરેલાની બાબત જણાઈ આવતી નથી.

(૯.૨) સદર કાયદાની <u>કલમ–૧૯</u> હેઠળ <u>રહેણાંકના હુકમ</u> સારૂ પડેલ પુરાવાને લક્ષમાં લઈને ચર્ચા કરીએ તો જણાય છે કે અરજદારને સામાવાળાએ કલમ–૩ માં સમાવેશ થઈ જાય તે મુજબનો ત્રાસ આપેલ છે અને તે સારૂ અરજીની હકીકતો મુજબ જયારથી અરજદાર સામાવાળાથી અલગ રહે છે ત્યાં સુધી અરજદારને સામાવાળાએ પોતાના રહેઠાણે પરત તેડી લાવવા પુરતા પ્રયત્નો કરેલા હોવાનુ રેકર્ડ પર આવેલ નથી કે સાબીત નથી. અને વળી અરજદારના ઘર ભાડા કે તે સાપેક્ષ કોઈ ખર્ચની કે અન્ય કોઈ વ્યવસ્થા કરેલ હોય તેમ પણ જણાઈ આવતુ નથી. વળી, તે મુજબ જોવા જઈએ તો અરજદારના રહેઠાણની યોગ્ય અને પુરતી વ્યવસ્થા કરવાની જવાબદારી સામાવાળાને શીરે છે તથા તે તેની તે મુજબની નૈતિક તેમજ કાયદેસરની ફરજમાંથી છટકી શકે નહીં. કેસની હકીકતો તથા પક્ષકારો વચ્ચેની તકરાર, તથા ઉકત ચર્ચા જોતાં રહેણાંક સંબંધી સામાવાળા પતિએ અરજદારને અરજદાર જણાવે તે વિસ્તારમાં રહેવાની મકાન રહેઠાણ પુરતી વ્યવસ્થા કરી આપવી વિકલ્પે માસિક રૂપિયા રૂા.૫,૦૦૦/– (અંકે રુપિયા બે હજાર પુરા) અરજી તારીખથી ચુકવવાનો આદેશ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. આ કામે હવે કોરોના બાદ મકાનભાડામાં

ઉછાળો આવેલ છે. જે જોતાં તે મુજબ ૫,૦૦૦/ નુ ભાડુ એ સામાન્ય વાજબી ગણાશે.

(૯.૩) અરજદારને સદર કાયદાની <u>કલમ–૨૦ માટે ભરણપોષણ</u> બાબતે પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે અરજદારને ધ પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૦ મુજબ અરજદાર ભરણપોષણ મેળવવા હકકદાર છે કે કેમ તે બાબતની ચર્ચા પડેલ પુરાવા સાપેક્ષ જરૂરી બને છે. અહી લગ્નજીવન એડમીટ હોઈ ભરણપોષણ કરવાની જવાબદારીએ સામાવાળા નં.૧ ના શીરે હતી, જેઓએ તે વખતોવખત નિભાવેલ નથી. અરજદારે સામાવાળાની આવક સાબિત કરી નથી પરંતુ સી.આર.પી.સી. કલમ–૧૨૫ ના વિવિધ જજમેન્ટમાં જણાવેલ સિધ્ધાંત મુજબ સશકત શરીર એ પણ કમાવવાનું સાધન છે, તથા વ્યકિત 2010 (8) Pg266 જોતાં તે મુજબ કલમ ૧૨૫ સીઆરપીસી ના હુકમ સામે તેઓ અપીલ કરી શકે તથા તેમાં ફેરફાર હોય તો કલમ ૧૨૭ તળે દાદ માંગી શકે. પણ એકવખત મુળ ૧૨૫ માં હુકમ થતાં તેના ભરણપોષણનો હુકમ યોગ્ય કોર્ટે કરેલ હોઈ તેમાં હસ્તક્ષેપ કરવો ન જોઈએ. વધુમાં અરજદારે સામાવાળાની પુરાવા સાથે કોઈ આવક દર્શાવેલ નથી પરંતુ આ કવોઝી સીવીલ હોઈ પુરાવાનુ સ્તરએ શકયતાની પ્રચુરતા છે. જેથી આ કામના અરજદારના ભરણપોષણ માટે માસીક રૂા.૧૦,૦૦૦/–નો હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવે છે.

(૯.૪) આ કામે કલમ–૨૧ હેઠળ અરજદાર તરફે કોઈ દાદ માંગવામાં આવેલ નથી. આ કામે કલમ–૨૨ હેઠળ વળતરના હુકમ માટે દાદ માંગવામાં આવેલ છે સમગ્ર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં સદર

કામે એક વખત રૂપીયા ૫૦૦૦/ નો હુકમ કરવાથી જે વળતર જરુરી છે તેની ભરપાઈ થયેલ ગણાશે.

૧૦) ઉપરોક્ત ચર્ચા મુજબ મુદા નં.૨ અંગે મારો નિર્ણય અંશત: હકારમાં આપી મુદા નં.૩ અંગે નીચે મુજબ આખરી હુકમ કરું છું.

**–:: આખરી હુકમ ::–**

૧. અરજદારની અરજી અંશત: મંજુર નીચે મુજબ કરવામાં આવે છે.

૨. સામાવાળાની આર્થિક સ્થિતિ અને અરજદારની જીવન જરૂરિયાતોને ધ્યાને રાખીને કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલી ઉચિત માસિક રકમ અરજદારને પોતાના ભરણ પોષણ માટે માટે માસીક રૂા.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજારપુરા) સામાવાળા નં.૧ નાએ અરજદારને ચૂકવવાની રહેશે.

૩. સામાવાળા નં.૧ નાએ ધી પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૯ મુજબ અરજદારને રહેઠાણ મકાનની અરજદાર જણાવે તે વિસ્તારમાં વ્યવસ્થા કરવી અન્યથા વિકલ્પે તેણે રહેણાંક મકાનના ભાડા પેટે અરજી તારીખથી દર માસે રૂા. ૫૦૦૦–૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નિયમીત અરજી તારીખથી ચઢયે ચઢયા અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામે ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામના અરજદારનું જે કોઇ સ્ત્રીધન આ કામના સામાવાળા પાસે હોય તે સ્ત્રીધનની તમામ ચીજ

વસ્તુઓ આ કામના સામાવાળાઓએ અરજદારને સોંપી આપવા હુકમ કરવામાં આવે છે અને તે માટે પ્રોટેકશન ઓફિસરશ્રીએ અરજદારને જરૂરી મદદ સામાવાળાઓના ખર્ચે કરવાની રહેશે.

૫. સામાવાળાઓ સંયુકત અને વિભકત રીતે સદર કાયદાની કલમ–૨૨ અન્વયે અરજદારને વળતર પેટે રૂા.૫,૦૦૦–૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) એક વખત માટે ચુકવી આપવા.

૬. સદર હુકમની એક નકલ વિનામુલ્યે સદર કાયદાની કલમ–૨૪ અન્વયે અરજદાર તથા સામાવાળાઓને આપવી. તથા અમલવારી સબબ પ્રોટેકશન ઓફીસરશ્રી અને લગત પોલીસ મથકે નકલ મોકલવી.

આજ રોજ તા.૦૯મી, માંહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા: ૦૯/૦૪/૨૦૨૬
સ્થળ:અમદાવાદ.

(જીતેશ વી.જોશી)
GJ00927
ચોથા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૦૫, અમદાવાદ શહેર.

(RMSONI)